# મહેસાણામાં બંધને મિશ્ર પ્રતિસાદ

મહેસાણા માં આજે બંધ ની અસર એકન્દરે આજે મિશ્ર જોવા મળી હતી મહેસાણા માં અનમાત બચકવો સમિતિ દ્વારા સૌપ્રથમ આવેદન બાદ સભા અને ગાંધીનગર ખાતે કુચ કરી ને મહેસાણામાં આજે સરકાર ના કાન ટોળા સ્વરૂપે નીકળી ને બજારો બંધ કરાવ્યા હતા ન્ઈદ્ધ મામલે સરકારે પરિપત્ર ન આપતા બંધ નું એલાન આજે આપ્યું હતું પોલીસ ના ચાંપતો બનદોબસ્ત આજે રાખવા માં આવ્યો હતો જોકે ભાજપ ના કાર્યલ સહીત નીતિન પટેલ ના આંદોલનોનો અંત લાવવા માટે સરકાર સક્રિય બની છે અને સતત પ્રયત્નો કરી રહી છે.અને સરકાર દ્વારા સતત આગેવાનો સાથે બેઠકો પણ ચાલી રહી છે. સરકાર ગમે તે ભોગે આ વિવાદનો અંત ઝડપી લાવવા માંગે છે. પરંતુ અંત આવતો રહ્યા છે. રામજી ઠાકોર સહિતના કન્વીનરો માનવ આશ્રમ નજીક થી રેલી સ્વરૂપે ફરી ને બક્ષી પંચ સમાજ સહીત અન્ય સમાજ ના દુકાનદારોને બંધ પાળવાની અપીલ કરવામાં માં આવી હતી અને બજારો જાબ્સજસ્તી બંધ પર બેઠી છે. બીજી તરફ સરકારે ઠરાવમાં ફેરફારની જાહેરાત તો કરી દીધી છે.

પરંતું હજુ કોઈ નિર્ણય પર નથી પહોંચી શકી. ઉલ્લેખનીય છે કે, બિન અનામત વર્ગની માગ ઠરાવમાં ફેરફાર ન કરવાની એવો દાવો કરી રહ્યું છે કે, ઠરાવ ગેરબંધારણીય છે અને જેનો લાભ અમો ને માળવોજ જોઈએ અને આંદોલન હજુ ઉગ્ર બનાવ જશે હાલ માં આ આંદોલન પહેલા આવેદન પત્ર થી શરુ થઈ ને હજુ આગળ વધી રહ્યો છે જે બીએએએસ દ્વારા વિવાદીત પરિપત્ર સામે હજુ પણ ઉગ્ર દેખાવો કરવા માં આવશે જ્યારે મહેસાણા ના રાજમહેલ રોડ તોરણવાળી બજાર જેવા મુખ્ય બજારો ને જબરજસ્તી બંધ આ સમિતિ દ્વારા કરવા માં આવ્યા બજારો બંધ રહ્યા છે જેમાં મિશ્ર પ્રતિસાદ આજે મહેસાણા માં જોવા માંડ્યો હતો પરંતુ સમાજ ની યુવતીઓ છેલ્લા ૨ મહિના ઉપરથી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર આંદોલન કરી દેખાવ કરી રહી છે. જેથી સમગ્ર






ખોલવા માટે આજે મહેસાણા બંધ નું એલાન આપવા માં આવ્યું હતું મહેસાણાના સર્કિટ હાઉસમાં ગત રોજ મહેસાણા બાસની બેઠક માં મંજુરી મળતા આજે બંધ નું એલાન આપવામાં આવ્યું હતું અને મહેસાણા ના બજારો રાબેતા મુજબ આજે શરૂ થવા ગયા પરંતુ અનામત મેળવતા સમાજ દ્વારા કાર્યાલય ને પણ ટોળાં એ બંધ કરાવ્યા હતા.

ગુજરાતમાં એલઆરડીના વિવાદીત પરિપત્રને લઈને અનામત-બિનઅનામત સમાજ દ્વારા આંદોલનો ચાલી રહ્યા છે. જેને લઈ ને સરકાર દ્વારા કી જ્ઞાતિ ને લાભ આપવા માં આવે તે માટે આજે દ્વિધા જાગી છે તેવા માં દેખાતો નથી અને આંદોલન ઉગ્ર બનતુ જાય છે. ત્યારે આજે મહેસાણા ના માનવ આશ્રમ ચાર રસ્તા પાસે થી અનામત બચાવો સમિતિ દ્વારા એકત્ર થયા બાદ આજે બજારો બંધ કરવાની તજવીજ કરવામાં આવી હતી OBC, SC-ST સમાજના શહેરીજનોના સમર્થનનો દાવો કરી કરવા માં આવ્યા હતા આંદોલનકારીઓએ મહેસાણા બંધનું એલાન આપ્યુ છે. જેણે લઈને સરકાર વધુ હરકતમાં આવશે પરંતુ બજારો આજે રાબેતા મુજબ શરૂ થવા ગયું હતું LRD ભરતીમાં મેરિટ લીસ્ટને લઈ છેલ્લા ૬૭ દિવસથી બિન અનામત વર્ગની મહિલાઓ ધરણાં છે.તેવા આક્ષેપ સાથે આજે બંધ કરવા માં આવ્યો હતો જેમાં મહેસાણા માં બજારો સજળ બંધ રાખવા માટે ટોળું નીકળ્યું હતું પરંતુ બજારો એકલ દોકલ જગ્યા પર બાદ કરતા બજારો ચાલુજ રહેવા ગયા હતા જે જોતા તેની અસર આડકતરી રીતે મિશ્ર રહેવા ગઈ છે તો અનામત વર્ગ જતા આવનાર સમય માં મહેસાણા બંધ બાદ આ આંદોલન કર્તાઓએ હજુ માંગ મજબૂતાઈ થી મેળવી રહ્યા છે જેમાં બંધારણીય અધિકાર આંદોલન સમિતિ દ્વારા આજ રોજ મહેસાણામાં બંધનું એલાન જાહેર કર્યુ છે અને હજુ સરકાર યોગ્ય પગલાં નહીં લે તો હતા જેમાં ઓ.બી.સી ,એસસી, એસટી સમાજ ના યુવાનો મોટી સંખ્યા માં જોડાયા હતા જ્યારે આવનારા સમય માં સરકાર યોગ્ય પગલાં નહીં ભરે તો હજુ મોરચો ખોલવા માં આવશે તેવી ચીમકી ચોક્કસ થી ઉચ્ચારાઈ છે હાલ માં તો આ આંદોલન દ્વારા મહેસાણા માં એક દિવસ માટે એસસી, એસટી અને ઓબીસી સમાજ દ્વારા મહેસાણા બંધનું એલાન તો અપાયું છે પરંતુ આના પડઘમ સરકાર માટે ખુબ ખરાબ નીવડશે કારણ કે આ મામલે બિન અનામત સમાજ આ ઠરાવ રદ કરવા માટે મક્કમ થયો છે જે જોતા મામલો વધુ ઉગ્ર બનવા જશે તેવા એધાણ ચોક્કસ રહેલા છે.

## બાયડના લીંબ ગામે સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનો પ્રારંભ : ખેડૂતોમાં આનંદ છવાયો

અરવ્લી, તા. ૧૫

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોમાં જીવાદોરી સમાન અને બેંકિંગ સુવિધાઓમાં અગ્રણી ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.હિંમતનગર ની વધુ એક શાખાનો બાયડ તાલુકાના લીંબ ગામે સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક હિંમતનગર ના ચેરમેન મહેશભાઈ પટેલ ના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં કૃષિ બેંકના પૂર્વ ચેરમેન કનુભાઈ એમ. પટેલ,બાયડ ધારાસભ્ય જશુભાઈ પટેલ ,બેંકના ડિરેક્ટર ધીરુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સદસ્ય અદેસિંહ ચૌહાણ વિગેરે ઉપસ્થિતિ રહ્યા હતા. લીંબ ટીચર્સ મંડળીના પૂર્વ ચેરમેન નારાયણભાઈ સી.પટેલે સૌને આવકારી હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.લીંબમાં બેંકની શાખા શરૂ કરવા બદલ બેંકના ચેરમેન અને તમામ ડિરેક્ટરોનો આભાર સાથે અભિનંદન ગ્રામજનોએ પાઠવ્યા હતા.

# ડીસામાં નકલી બિયારણનું વેચાણ થતું હોવાની શંકા

## એજન્સી માલિક તપાસ કરવા જતાં સર્જાઇ મારામારી

ડીસામાં હાઈવે સ્થિત એક દુકાન માં તરબૂજ ટેટી ના બિયારણ નું નકલી કરી વેચાણ કરતા હોવાની જોકે સમય સુચકતા ને પગલે આવી પહોંચેલી પોલીસે મામલો થાળે પાડવા નો પ્રયાસ કર્યો હતો જોકે છે અને તેઓ કંપનીમાંથી આવતો માલ ખેડૂતોને વેચે છે જેથી ઓરીજનલ માલના કારણે ખેડૂતને જે સમયે આ બિયારણના બે પાઉચ માધવી ફૂડમાંથી મળી આવ્યું હતું. જોકે બિયારણ મળતા જ બુમો પાડતા ત્રણેય પર તૂટી પડ્યા હતા અને આ ત્રણેયને ગડદા પાટું ચમ્પલ વડે આડેધડ માર મારવામાં પડી તમમને છુટ્ટા પડ્યા હતા આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક ધોરને ઉત્તર પોલીસ મથકના પી







એજન્સી ના માલિક ને ખબર પડતાં તેઓ સ્થળ તપાસ કરવા ગયેલા તે દરમિયાન આવી ચડેલા કેટલાક સક્શો દ્વારા એજન્સી ના માલિકો પર જાહેર માં મારામારી કરતા ભારે અજમ્પાભરી પરિસ્થિતિ સર્જઈ જતા લોકો ના ટોળા મોટી શનખ્યાં માં એકત્ર થઈ ગયા હતા અને અને દુકાનદાર દ્વારા થયેલ હુમલા માં ત્રણ વેપારીઓ ને ઈજા થઈ હતી સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે અને મોડે સુધી બન્ને પક્ષ દ્વારા ફરિયાદ નોંધાવવા માટે ના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા.

બનાસકાંઠાના ડીસામાં તિરુપતિ સિડ નામની દુકાન ધરાવતા અજય ચમનભાઈ પઢીયાર જેઓ પાસે તરબૂજ તેમજ ટેટીના બિયારણની ગોલ્ડ ગ્લોરી નામની કંપનીની એજન્સી ધરાવે ઉપજમાં સારો ફાયદો થઈ રહ્યો છે. પંરતુ છેલ્લા કેટલાક સમયથી ગોલ્ડ ગ્લોરી કંપનીનું ટેટી બિયારણ માધવી ફૂડ નામની દુકાનમાં એજન્સી કરતા સસ્તા ભાવે વેચી રહ્યા હોવાની જાણ એજન્સી ના સંચાલક અજયભાઈને થતા તેઓ શનિવારે એમના પુત્ર અને ભાઈ સાથે એજન્સીમાં તપાસ અર્થે ગયા હતા અજયભાઈએ દુકાનદારને ઠપકો આપી ખેડૂતોને છેતરો છો કેમ આવું કહી ઉગ્ર બોલાચાલી થઈ હતી જે સમયે માધવીના સંચાલકો અને અન્ય લોકો મળી અજયભાઈ તેમના પુત્ર સિદ્ધ અજયભાઈ પઢીયાર, અને વિનય પઢીયાર પર તૂટી પડ્યા હતા અને જાહેર માર્ગ પર મારામારી શરૂ કરી દીધી હતી. જોકે મારો મારો અને પકડો પકડોનું આવતા આ ત્રણેયને ઈજાઓ થવા પામી હતી. જ્યારે સામે માધવીના સંચાલક પણ પોતાની દુકાનમાં ટોડ ફોડ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો અને આ મારા મારી દરમિયાન તેમણે પણ ઈજા થઈ હતી. જોકે જાહેર માર્ગ પર મારમારી થતા ભારે ઉત્તેજના ફેલાઈ હતી અને લોકો મોટી શનખ્યાં માં ભેગા થઈ ગયા હતા અને અન્ય કેટલાક લોકો વચ્ચે આઈ સહિતનો પોલીસનો કાફલો સ્થળ ઉપર દોડી આવ્યો હતો અને મામલેને થાળે પાડ્યો હતો.

આ ઘટના બાદ ઈજાગ્રસ્ત વેપારીઓને સારવાર બાદ પોલીસ મથકે લાવ્યા હતા જ્યારે સામે પક્ષે એ માધવીના સંચાલકો પણ પોલીસ મથકે દોડી આવ્યા હતા જોકે બન્ને પક્ષ એ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરાઈ હતી..

## જલોતરાના વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાને

રાજ્ય સરકાર દ્વારા આયોજીત કલા મહાકુંભ ૨૦૧૯ કક્ષા નો કાર્યક્રમ પાલનપુર કાનુભાઈ મહેતા હોલ ખાતે યોજાયેલ જેમાં જલોતરા અનુપમ પ્રાથમિક શાળા ના વિદ્યાર્થી ગર્વ વિજયભાઇ રાવલ (એકપાત્રીય અભિનય) વય જૂથ ૬ થી ૧૪મા પ્રથમ સ્થાન તથા કિંજલ મુકેશભાઇ શ્રીમાળી ( લગ્ન ગીત) જી જે પટેલ વિદ્યાલય જલોતરા વયજૂથ ૧૫ થી ૨૦મા પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્યકક્ષા એ પ્રવેશ મેળવી શાળા-ગામને ગૌરવ અપાવ્યું છે.

## શીણાવાડ જીઆઈડીસીના હોદ્દારોની વરણી

મોડાસા-મેઘરજ રોડ પર શીણાવાડમાં ઔધોગિક વિકાસ માટે જીઆઈડીસી માટે જગ્યા ફાળવણી કરવામાં આવી છે અને ધમધોકાર કામકાજ ચાલી રહ્યું છે શનિવારે શીણાવાડ જીઆઈડીસીની પ્રથમ સાધારણ સભા મળી હતી. જેમાં પ્રમુખ, મંત્રી-કારોબારીની નિમણુંક કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે હર્ષભાઈ શાહ, મંત્રી કલ્પેશભાઈ પંડયા, ઉપપ્રમુખ-કુલદીપભાઈ પટેલ, ખજાનચી ભૌમીકભાઈ કોઠારી, સહમંત્રી અમિતભાઈ પરમારની વરણી કરાઈ હતી.

# ડીસા નગરપાલિકાના ઉપપ્રમુખે અચાનક રાજીનામુ આપી દેતા હડકમ્પ

### અંગત કારણોસર રાજીનામુ આપ્યું હોવાની કેફિયત

ભાજપ શાશીત ડીસા પાલિકામાં છેલ્લા કેટલાય સમયથી ચાલતા આંતરીક વિખવાદ વચ્ચે ખુદ ભાજપના જ સદસ્યોની રજુઆત સાંભળવામાં આવતી ન હોવાની બુમરાડ અનેક વાર ઉઠવા પામી છે તાજેતરમાં પાલિકાની સામાન્ય સભામાં ભાજપના સદસ્યો દ્વારા આ મામલે ઉગ્ર આક્રોશ જોવા મળ્યો હતો અને આ મામલે તેમણે પાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજુઆત પણ કરી હતી જેના પગલે પાલિકામાં ભાજપના મેન્ડેડ ઉપર ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા કાંતિલાલ દલાજી સોનીએ પોતાના અંગત કારણોસર શનિવારે અચાનક રાજીનામુ ધરી દેતા ખળભળાટ મચી જવા પામ્યો હતો જેથી પાલિકાની ભાજપની બોડીમાં ભંગાણના એંધાણ વર્તાઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે ભાજપ શાસિત પાલિકામાં છેલ્લા કેટલાય સમયથી આંતરિક ડખા ચાલતા હોવાનું સામે આવ્યું છે ત્યારે હવે ઉપપ્રમુખના



રાજીનામાને લઈને રાજકીય ગરમાવો પણ સર્જાયો છે ઉપપ્રમુખે અંગત કારણ જણાવ્યું છે પરંતુ રાજકીય સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આવતીકાલે સોમવારે પણ અનેક કોર્પોરેટરો હોદા પરથી રાજીનામું આપે તેવી શકયતા જણાઈ રહી છે જો કે ઉપપ્રમુખના આકસ્મિક રાજીનામાને લઈ પાલિકાની આંતરિક ખેંચતાણ હવે સપાટી ઉપર આવી ગઈ છે જેને લઈ આ મુદ્દો આગામી સમયે ગરમાય તેવી પૂરેપૂરી શકયતા છે હાલમાં તો પાલિકાનો આ વિખવાદ 'ટોક ઓફ ધી ટાઉન' બની ગયો છે.

### અંતે રાજીનામુ પરત ખેંચ્યું

ડીસા પાલિકા ઉપપ્રમુખ કાંતિલાલ દલાજી સોની દ્વારા અંગત કારણોસર પાલિકા ઉપ પ્રમુખ પદે થી શનિવારે રાજીનામુ આપ્યું હતું જોકે સૂત્રો દ્વારા મળતી માહિતી મોડિ સાંજે પોતાનું રાજીનામુ પરત ખેંચ્યું હતું.

## મોડાસાની કોલેજ રોડ પરની ખાનગી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીને શિક્ષકે ઢોર માર મારતા ચકચાર

શિસ્ત, ક્ષમા અને કલાનો સમન્વય જે વ્યક્તિમાં હોય તેને શિક્ષક કહેવાય. જાણે આ વાત માત્ર પુસ્તક પુરતી જ મર્યાદિત રહી હોય તેવું લાગી રહ્યું છે. મોડાસાની કોલેજ રોડ પર આવેલી લઘુમતી સમાજની અગ્રણી શૈક્ષણિક સંસ્થા સંચાલિત શાળામાં શિક્ષકે વિદ્યાર્થીને તમામ મર્યાદા ઓળંગીને સોટીથી માર મારતા વિદ્યાર્થીના હાથ અને બરડામાં સોટીના ચકામાં ઉપસી આવતા વિદ્યાર્થીના માતા-પિતા સમસમી ઉઠયા હતા.



સમાજનાં ઘડતરમાં અને બાળકોના વિકાસમાં શિક્ષકોનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે. જો કે કેટલીક ઘટનાઓ શિક્ષકોની છબીને બગાડતી હોય છે. બાળકોને અહિંસાનાં પાઠ શીખવતા ક્યારેક શિક્ષકો જ ડંડાનો સહારો લેતા હોય છે. મોડાસાના લઘુમતિ વિસ્તારની કોલેજ રોડ પર આવેલી ખાનગી સ્કૂલમાં ધોરણ-૯ (એફ) માં ભણતા વિદ્યાર્થી પર સમાજવિદ્યાના શિક્ષક અગમ્ય કારણોસર મગજનો પિત્તો ઘુમાવતા બરેહમીપુર્વક સોટી લઈને તુટી પડતા વિદ્યાર્થી ચીસો પાડતો જ રહ્યો. પ્રાપ્ત માહિતી મુજબ આ બનાવ જ્યારે બન્યો ત્યારે આચાર્ય ખુદ ઘટનાસ્થળે ઉપસ્થિત હોવા છતાં તેમને બેરહમીપૂર્વક વિદ્યાર્થીને માર મારનાર શિક્ષકને રોકવાની પણ તસ્દી ન લેતા વાલીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. જોકે પાછળથી શૈક્ષણિક સ્ટાફ અને સંસ્થાના અગ્રણીઓએ ભોગ બનનાર વિદ્યાર્થીના વાલીને ભારે કાકલુદી કરી સમાધાન કરતા મામલો થાળે પડ્યો હતો.

## ડીસામાં વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડૂતોના જીવ પડીકે, આગામી દિવસોમાં ઠંડી વધવાની શકયતા

સમગ્ર રાજયમાં નલિયા બાદ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં સૌથી વધુ ઠંડી પડે છે ડીસામાં અનેક વાર રેકોર્ડ બ્રેક ઠંડી અને ગરમી પડવાના હતા હાલમાં બટાકા સહિતનો પાક તૈયાર થઈ ચૂક્યો છે તેમજ ભાવ પણ સારા હોઈ ખેડૂતોને સારી ઉપજની આશા વચ્ચે અચાનક વાદળછાયા ૧૬ ડીગ્રીએ પહોંચી ગયો હતો ત્યાર બાદ અચાનક શનિવારે ફરીવાર વાદળો છવાવા બાબતે હવામાન વિભાગ દ્વારા જણાવાયું હતું કે પહેલા ઉત્તર



આંકડા હવામાન કચેરી ખાતે નોંધાયેલા છે જેમાં ડીસામાં છેલ્લા એકાદ અઠવાડિયાથી ઠંડીમાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો છે ત્યારે શનિવારે અચાનક આકાશમાં વાદળા છવાયા હતા જેને લઈ ધરતીપુત્રોના જીવ પડીકે બંધાયા વાતાવરણના પગલે ધરતીપુત્રો ચિંતિત બન્યા હતા. જો કે એકાદ બે દિવસ વાદળો રહ્યા બાદ વાદળાં વિખેરાતાં ઠંડીમાં એકા એક વધારો થવાની પણ શકયતા છે. છેલ્લા એકાદ અઠવાડિયાથી ઠંડી ઘટવા સાથે ગરમી પણ વધી છે અને પારો પૂર્વીય પવનની દિશા બદલાતા વાદળો બંધાયા છે પણ હાલમાં માવઠાની કોઈજ શકયતા નથી બે દિવસમાં વાદળો વિખરાઈ જતા એકાદ બે દિવસ થોડી ઠંડી વધશે ત્યારબાદ ફરીથી તાપમાનનો પારો વધવાની શકયતા જણાવી છે.